ઘઉંની ખેતી પધ્ધતિ

ક્રમ	ખેતી પધ્ધતિનું નામ	વિગત
1	જમીન અને જમીનની તૈયારી	ઘઉંના પાકને કાળીથી મધ્યમ કાળી, ગોરાડુ, કાંપાળ, રાતી, કાંકરીયાળી, સારા નિતારવાળી જમીન વધારે અનુકૂળ આવે છે. જમીનને દાંતી-રાપ કરીને વાવેતર માટે તૈયાર કરવી. ઘઉં માટે વધુ પડતી ઉંડી ખેડ કરવી નહીં, કારણ કે વધારે ઉંડી પાંહને કારણે ઘઉં પાછલી અવસ્થાએ ઢળી જવાની શકયતા રહે છે. ચોમાસુ પાકની કાપણી પછી ટ્રેકટરની દાંતી બે વાર અને રાંપ એક વાર ચલાવી આગલા પાકના જડીયા તથા મૂળીયા દૂર કરી, સમાર મારી, જમીન વાવણી માટે તૈયાર કરવી.
2	વાવેતર સમય	વહેલુ: 25 ઓક્ટોમ્બર થી 10 નવેમ્બર સમયસર વાવેતર: 10 નવેમ્બર થી 25 નવેમ્બર
3	ભલામણ કરેલ જાતો	ફૂલે સૂર્યા (ફૂલે 555), ફૂલે આદિત્ય (ફૂલે 333), ફૂલે સૂરજ (ફૂલે 666), ફૂલે 3385, GW 543, GW 513, GW 496, અને Lok-1
4	વાવેતર અંતર	20-22.5 સે.મી. (8 થી 9 ઇંચ)
5	બીજદર	100-120 કિલો/હેક્ટર
6	બીજ-માવજત	પાકને જમીનજન્ય અને બીજજન્ય રોગોથી બચાવવા એક કિલો બીજ દીઠ 2 ગ્રામ થાઇરમ અથવા કેપ્ટાન દવાનો પટ આપીને વાવેતર કરવું. ખાતરના કાર્યક્ષમ ઉપયોગ માટે બીજને ઍઝોટોબેક્ટર @ 30 ગ્રામ + PSB @ 30 ગ્રામ / કિલો બીજ પ્રમાણે પટ આપી વાવવા.
7	ખાતર વ્યવસ્થાપન	આશરે એક હેક્ટર 10 થી 12 ટન સારૂ કોહવાયેલ ગળતીયુ ખાતર જમીન પર પાથરીને જમીનમાં બરાબર ભેળવી દેવું. ઘઉંના પાકને સામાન્ય રીતે 120:60:60 કિગ્રા નાઇટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ તત્વ/હેકટર જરૂરિયાત રહે છે.

ડીએપી(કિલો/હેક્ટર)	યુરિયા(કિલો/હેક્ટર)	પોટાશ (કિલો/હેક્ટર)	અવસ્થા
130	15	100	પાયાનું ખાતર
-	130	-	મુકુટ મૂળ અવસ્થા
-	65	-	ફૂટ અવસ્થા

8	નીંદણ વ્યવસ્થાપન	ઘઉંના પાકમાં હાથથી નિંદામણ નિયંત્રણ કરવું હિતાવહ છે. આમ છતાં, મજુરોની અછત હોય તો ઘઉંની વાવણી બાદ બીજના સ્ફુરણ પહેલા (પ્રિ-ઈમરજન્સ છંટકાવ) પેન્ડીમિથાલીન દવા 10 લીટર પાણીમાં 55 મીલી પ્રમાણે ઓગાળી છંટકાવ કરવો. ઉભા પાકમાં પહોળા પાનવાળા નિંદામણનું પ્રમાણ વધારે હોય તો

Fule Seeds

		વાવેતર બાદ 30 થી 35 દિવસે 24 ગ્રામ નિંદામણનાશક દવા 2,4-D (સોડીયમ સોલ્ટ) W.S. અથવા 0.4 ગ્રામ મેટસલ્ફ્યુરાન પ્રતિ 10 લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.
9	પિયત વ્યવસ્થાપન	સામાન્ય રીતે ઘઉંને 10-12 પિયતની જરૂરિયાત રહે છે. ઘઉંની મુકુટ મૂળ, ફૂટ, ગાભ અવસ્થા, ડુંડી, દુધિયા દાણા અને પોંક અવસ્થાએ પાણીની ખેંચ પડવી જોઇએ નહીં. તેમજ છેલ્લા બે પિયત આપવાના સમયે પવનની ઝડપ ઓછી હોય તે ખાસ ધ્યાન રાખવું. જેથી ઘઉં ઢળતા અટકાવી શકાય.
10	જીવાત નિયત્રંણ	
10.1	ઊધઈ	કલોરપાયરીફોસ (20%) દવા 450 મીલી પ્રમાણે 5 લીટર પાણીમાં મેળવીને તે દ્રાવણથી 125 કિગ્રા બીજને મોણ (માવજત) આપી એક રાત રહેવા દઇને બીજા દિવસે વાવવું. ઉભા પાકમાં કલોરપાયરીફોસ (20%) દવા 2.4 લિ. ને 5 લિ. પાણીમાં ઓગળીને 100 કિગ્રા રેતીમાં ભેળવીને પાકમાં પૂંખીને હળવું પિયત આપવું. ઘંઉના નિંઘલ અવસ્થાએ કલોરપાયરીફોસ (20%) દવા 1.25 લિ./હેકટર પ્રમાણે 40-50 દિવસે પિયતના પાણીમાં ટીપા પધ્ધતિથી આપવી.
10.2	ગાભમારાની ઇયળ અને લીલી ઇયળ	ફેનીટ્રોથીયાન (50 EC) 20 મીલી પાણીમાં મિશ્રણ કરી દવાના બે છંટકાવ વાવણી પછી 45 થી 55 દિવસે કરવા. જો ઉપદ્રવ વધુ હોય તો સ્પીનોસેડ 45 SC @ 7.5 મીલી/ 15 લિ. પાણી અથવા ફિપ્રોનિલ 5 SC @ 7.5 મીલી/ 15 લિ. પાણી અથવા થાયોડીકાર્બ 75 WP @ 40 ગ્રામ/ 15 લિ. પાણી મુજબ છંટકાવ કરવો.
11	રોગ નિયત્રંણ	
11.1	ગેરૂ, પાનનો સુકારો અને કાળી ટપકી	અસરકારક નિયંત્રણ માટે બાઇટરલેટોન 25 WP @ 30 ગ્રામ/15 લિટર પાણી અથવા ક્લોરોથેલોનીલ @ 30 મીલી/ 15 લિ. પાણી અથવા ટેબૂકોનાઝોલ 25.9% EC @ 30 મીલી/ 15 લિ. પાણી અથવા કાર્બેન્ડાઝિમ 12% + મેન્કોઝેબ 63% WP @ 30 ગ્રામ/ 15 લિ. પાણી મુજબ છાંટો.
12	કાપણી	જ્યારે છોડ બદામી કલરના થઈ જાય ત્યારે કાપણી જમીન થી 2-3 ઇંચ ઉપરથી કરવી. દાણા ખરવાનું નુકસાન ઘટાડવા જ્યારે ઘઉં પીળા પડી જાય અને થડ સુકાઇ જાય ત્યારે વહેલી સવારે કે મોડી સાંજે કાપણી કરવી.

Fule Seeds